# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


**પ્રેસનોટ:-01** **તા.14-09-2021**

**પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીજીના જન્મ દિવસ નિમિત્તે કિસાન મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી ચાહરજીની ઉપસ્થિતિમાં બનાસકાંઠા અને મહેસાણા ખાતે કિસાન સન્માન કાર્યક્રમ યોજાશે.**

દેશના લોકપ્રિય વડાપ્રધાનશ્રી અને ગુજરાતના પનોતા પુત્ર શ્રી નરેન્દ્રભાઇ મોદીજીના જન્મ દિવસ તારીખ- 17 સપ્ટેમ્બર 2021ના રોજ ગુજરાતના પ્રદેશ કિશાન મોરચા દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન પ્રદેશ કિસાન મોરચાના અધ્યક્ષ શ્રી હિતેષભાઇ પટેલ દ્વારા કરવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં કિસાન મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી રાજકુમાર ચાહરજી અને કિસાન મોરચાના રાષ્ટ્રીય મહામંત્રીશ્રી બાબુભાઇ જેબલીયા ઉપસ્થિત રહેશે.

બનાસકાંઠા ખાતે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના જન્મ દિવસે બનાસકાંઠા જિલ્લા કિસાન મોરચા દ્વારા આયોજીત કાર્યક્રમમાં લાખણી પાસેના લવાણા ખાતે 2071 દેશી કુળના વૃક્ષોનું વાવેતર કરવામાં આવશે. 251 જેટલા દપંતીઓ વૃક્ષોની પુજા કરીને વાવેતર કરશે સાથે-સાથે વૃક્ષોને નિયમિત પાણી મળી રહે તે માટે ડ્રીપ પણ ફિટ કરવામાં આવશે અને વૃક્ષોના જતન માટે વાયર ફેન્સીંગ કરવામાં આવેલ છે. બનાસકાંઠા જિલ્લાના પ્રગતીશીલ ખેડૂતોના સન્માન કાર્યક્રમ પણ યોજાશે. આ કાર્યક્રમમાં બનાસડેરીના ચેરમેન શંકરભાઇ ચૌધરી અને જિલ્લા સંગઠનના હોદેદારો હાજર રહેશે. જિલ્લા કિશાન મોરચાના હોદેદારો કાર્યક્રમ સફળ બનાવવા જહેમત ઉઠાવી રહ્યા છે. વડાપ્રધાનશ્રીના જન્મ દિવસે થનાર વૃક્ષારોપણ સ્થળને "મોદીવન" નામાંધીકરણ કરવામાં આવશે.

ત્યારબાદ મહેસાણા ખાતે બપોરે 03:30 કલાકે "કિસાન સન્માન કાર્યક્રમ" યોજાશે જેમાં પ્રગતીશીલ ખેડૂતોનું સન્માન કરવામાં આવશે. મહેસાણા જિલ્લામાં બગાયત સહિત વેલ્યુએડિશન કરતા ખેડૂતને પ્રોત્સાહીત કરવામાં આવશે. મહેસાણા જિલ્લા કિસાન મોરચાના હોદેદારો કાર્યક્રમ સફળ બનાવવા જહેમત ઉઠાવી રહ્યા છે.

મહેસાણા ખાતેના આ કાર્યક્રમમાં દૂધ સાગર ડેરીના ચેરમેનશ્રી અશોકભાઇ ચૌધરી, જિલ્લા ભાજપ પ્રમુખશ્રી જશુભાઇ પટેલ, જિલ્લાના ધારાસભ્યશ્રીઓ, જિલ્લા/તાલુકા પંચાયતના ચુંટાયેલા સભ્યોશ્રીઓ અને સંગઠનના હોદેદારશ્રીઓ હાજર રહેશે. આ કાર્યક્રમ સફળ બનાવવા પ્રદેશ કિસાન મોરચાના પ્રભારીશ્રીઓ અને જિલ્લા પ્રમુખશ્રીઓ, મહામંત્રીશ્રીઓ જહેમત ઉઠાવી રહ્યા છે તેવું દૂધ સાગર ડેરીના ડિરેકટર પ્રદેશ કિસાન મોરચાના મહામંત્રીશ્રી સરદારભાઇ ચૌધરી અને પ્રદેશ મહામંત્રીશ્રી હિરેન હિરપરાએ જણાવ્યું છે

ડૉ.યજ્ઞેશ દવે
(પ્રદેશ મિડિયા કન્વીનર)